# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર

## અખબારી યાદી

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરની અખબારી યાદી જણાવે છે કે માર્ચ-૨૦૨૪માં યોજાયેલ ઉચ્ચતર માધ્યમિક પ્રમાણપત્ર પરીક્ષા, ધોરણ-૧૨ (વિજ્ઞાન પ્રવાહ) અને ગુજકેટ-૨૦૨૪નું પરિણામ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની વેબસાઈટ **www.gseb.org** પર **તા.૦૯/૦૫/૨૦૨૪**ના રોજ ઓનલાઈન જાહેર કરવામાં આવેલ. માર્ચ-૨૦૨૪ના ધોરણ-૧૨ (વિજ્ઞાન પ્રવાહ)ના ગુણપત્રકો, એસ.આર. અને પ્રમાણપત્રો તથા ગુજકેટ-૨૦૨૪ના ગુણપત્રકો અને એસ.આર. તમામ જિલ્લાની જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી ખાતે **તા.૧૫/૦૫/૨૦૨૪**ના રોજ બોર્ડની કચેરીએથી રવાના કરવામાં આવશે. જિલ્લા શિક્ષણાધિકારીશ્રીએ ધોરણ-૧૨ (વિજ્ઞાન પ્રવાહ)ના ગુણપત્રકો, એસ.આર. અને પ્રમાણપત્રો તથા ગુજકેટ-૨૦૨૪ના ગુણપત્રકો અને એસ.આર. વિતરણ કરવા અંગેનું યોગ્ય આયોજન કરી **તા.૧૬/૦૫/૨૦૨૪**ના રોજ જિલ્લાની વિજ્ઞાન પ્રવાહની શાળાઓને પરિણામ વિતરણ થઈ જાય તે મુજબ તમામ વ્યવસ્થા ગોઠવવી. રાજ્યની વિજ્ઞાન પ્રવાહની તમામ ઉચ્ચતર માધ્યમિક શાળાના આચાર્યશ્રીઓએ પોતાની શાળાનું પરિણામ (ગુણપત્રકો, પ્રમાણપત્રો અને એસ.આર.) મુખત્યારપત્ર રજૂ કરી જિલ્લા શિક્ષણાધિકારીશ્રીની કચેરી દ્વારા નિયત થયેલ સમયે અને સ્થળેથી મેળવી લેવાનાં રહેશે. શાળાઓએ **તા.૧૭/૦૫/૨૦૨૪**ના રોજ વિદ્યાર્થીઓને પરિણામનું વિતરણ કરવાનું રહેશે.

ગુજરાત બોર્ડ સિવાય અન્ય બોર્ડના ઉમેદવારોની ગુજકેટ-૨૦૨૪ પરીક્ષાની માર્કશીટ ટપાલ **(BY POST)** દ્વારા મોકલી આપવામાં આવશે. જેની શાળાના આચાર્યશ્રીઓ, વાલીઓ, વિદ્યાર્થીઓ તથા તમામ સંબંધિતોએ નોંધ લેવી.

**તારીખ :** ૧૪/૦૫/૨૦૨૪
**સ્થળ :** ગાંધીનગર

નાયબ નિયામક (પરીક્ષા-વિ.પ્ર.)
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ
ગાંધીનગર